# એ.એમ.પી. સરકારી લો કોલેજ - રાજકોટ

## નોટીસ

## કામચલાઉ મેરીટ યાદી સાથે મોક રાઉન્ડ અંગે સુચના

આથી જણાવવાનું કે અત્રેની કોલેજમાં વર્ષ : ૨૦૨૬-૨૭ ના એલએલ.બી. પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત પ્રથમ તબક્કામાં જે વિદ્યાર્થીઓએ ફોર્મ ભરેલ છે તે વિદ્યાર્થીઓની કામચલાઉ મેરીટયાદી સાથે મોક રાઉન્ડ GCAS પોર્ટલ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. તેમજ પ્રવેશના પ્રસ્થાપિત નિયમો અનુસાર કામચલાઉ (Provisional) પ્રવેશ ઓફર આપવામાં આવેલ છે. જેથી દરેક વિદ્યાર્થીઓએ GCAS પોર્ટલ પર પોતાના આઈ.ડી./પાસવર્ડ થી લોગીન કરી પોતાનું મેરીટ તેમજ ઓફર ચકાસી લેવા જણાવવામાં આવે છે.

આ પ્રક્રિયાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને તેમના મેરીટ રેન્ક અને કેટેગરીની વિગતો ચકાસવાની તક આપવાનો છે. જો કોઈ વિસંગતતા/ભૂલ જણાય, તો વિદ્યાર્થીઓ પ્રવેશના રાઉન્ડ-૧ ની ટેકનીકલ પ્રોસેસ પહેલા તા.૦૪/૦૬/૨૦૨૬ થી તા.૦૬/૦૬/૨૦૨૬ સુધી ઓનલાઈન અરજીમાં સુધારો કરી શકશે. તેમજ આ કામચલાઉ પરિણામો અને કટ-ઓફનું વિશ્લેષણ કરીને પ્રવેશના રાઉન્ડ-૧ ની પ્રવેશ ઓફર પહેલા તેમની કોલેજની પસંદગીઓ ઉમેરવા, સુધારવા અથવા તેના ક્રમમાં ફેરફાર કરી શકાશે.

ખાસ નોંધ : વિદ્યાર્થીઓએ પ્રવેશ ફોર્મમાં નીચે દર્શાવેલ તમામ વિગતો ખાસ ચકાસણી કરવા તેમજ જો કોઈ વિસંગતતા જણાય તો જરૂરી સુધારો કરી ફોર્મ સબમીટ કરવા જણાવવામાં આવે છે. તેમજ વધુ માહિતી માટે કોલેજના ફ્રી ફોર્મ ફીલિંગ સેન્ટરની મુલાકાત લેવી.

1. પ્રવેશ ફોર્મમાં નામ માર્કશીટ મુજબ છે કે નહિ તે ચકાસી માર્કશીટ મુજબ નામ દાખલ કરવું.
2. જન્મ તારીખ શાળા છોડ્યાના પ્રમાણપત્ર મુજબ દાખલ કરવી.
3. કેટેગરી, EWS/નોન ક્રીમીલેયર પ્રમાણપત્રની અવધિ પૂર્ણ થયેલ નથી તે ચકાસણી કરી જરૂરી સુધારા કરવા.
4. મોબાઈલ નંબર અને ઈ-મેઈલ આઈ.ડી. ચકાસી લેવું.

Scanned with OKEN Scanner

5. ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની વિગતની માર્કશીટ મુજબ ચકાસણી કરવી.

6. સૌરાષ્ટ્ર યુનીવર્સીટીની સુચના મુજબ મેરીટ માર્ક્સની ગણતરી UG PERCENTAGE/CGPA મુજબ થતી હોય, ગ્રેજ્યુએશનની વિગતમાં જો માર્કશીટમાં ઇન્ટરનલ અને થીયરીના માર્ક્સ અલગ અલગ આપેલ હોય તો એ મુજબ જ બધા સેમેસ્ટર/વર્ષના માર્ક્સ દાખલ કરવા. બધા સેમેસ્ટર/વર્ષના માર્ક્સની ટકાવારી ચકાસી લેવી. જો માર્કશીટમાં CGPA/SGPA અને માર્ક્સ બંને આપેલ હોય તો માર્ક્સ અને CGPA બંને દાખલ કરવા.

7. અપલોડ કરેલ તમામ ડોક્યુમેન્ટ ઓરીજીનલમાંથી સ્કેન કરી સ્પષ્ટ વંચાય તેવા ડોક્યુમેન્ટ જ અપલોડ કરવા.

ઉપરોક્ત જણાવેલ કોઈ વિગતમાં ભૂલ જણાય તો તા.૦૪/૦૭/૨૦૨૬ થી તા.૦૬/૦૭/૨૦૨૬ સુધીમાં GCAS પોર્ટલ ઉપર લોગીન કરીને જરૂરી સુધારા કરી નિયત સમયમાં ફોર્મ સબમીટ કરવાનું રહેશે.

A.M.P. (GOVT.) LAW COLLEGE * RAJKOT *

PRINCIPAL
A.M.P. (GOVT.) LAW COLLEGE
RAJKOT

Scanned with OKEN Scanner